# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", સત્યનગરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૧૦/૦૪/૨૦૧૭

તંત્રીશ્રી,

............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **મોદીજીને આવકાર આપવા માટે એક જ દિવસમાં ૫૦૦૦ કરતાં વધુ લોકો ફેસબુક દ્વારા જોડાયા**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

આગામી ૧૬ મી એપ્રિલના રોજ દેશના લોકલાડીલા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સુરત ખાતે પધારી રહ્યા છે. ત્યારે સોશ્યલ મિડિયા પર પણ શ્રી નરેન્દ્રભાઈ મોદી માટે અનોખો ક્રેઝ જોવા મળી રહ્યો છે. BJP IT CELL દ્વારા BJP 4 SURAT CITY ના ફેસબુક પેજ પર #WelcomeToSuratModiji લિન્કને માત્ર એક જ દિવસમાં ૫૦૦૦ કરતા વધુ લોકોએ ડાઉનલોડ કરીને મોદીજીને ભવ્ય આવકાર આપ્યો છે.

ભારત દેશ યુવાઓનો દેશ છે. આજનો યુવા વર્ગ સોશ્યલ મિડિયા પર વધુ સક્રિય છે અને આપણા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ ટેકનોસેવી છે. ત્યારે નરેન્દ્રભાઈ મોદી સાહેબને આવકારવા માટે ભારતીય જનતા પાર્ટી–સુરત

# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", સત્યનગરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

મહાનગર IT CELL દ્વારા પણ એક ખાસ એપ્લીકેશન તૈયાર કરવામાં આવી છે. BJP4SURATCITY ના ફેસબુક પેજ પર Sign Up નું બટન આપવામાં આવ્યું છે જ્યાં Click કરવામાં આવશે ત્યારે Login નું બટન જોવા મળશે. આ Login ના બટન પર Click કરવાથી તમારો ફેસબુકનો પ્રોફાઈલ પિક્ચર #WelcomeToSuratModiji ની ફોટોફ્રેમમાં Automatic ફ્રેમીંગ થઈ જશે. પેજ ઉપર Post to Facebook અને Post to Twitter નો બટન આપવામાં આવ્યા છે. જેના થકી તમારો આ ફોટો ફેસબુક, ટવીટર પર શેર થઈ જશે. ઉપરાંત ડાઉનલોડના બટનથી આ ઈમેજ આપ Save પણ કરી શકો છો. જેથી Whatsapp અને Instagram પર Share પણ કરી શકાશે.

Social Media થકી આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે જોડાવા માટે યુવાનોમાં જબરદસ્ત ઉત્સાહ જોવા મળી રહ્યો છે. એક જ દિવસમાં ૫૦૦૦ કરતાં વધુ યુવાનો મોદીજી સાથે જોડાતા હોય ત્યારે આવનારા દિવસોમાં વધુમાં વધુ લોકો મોદીજી સાથે જોડાશે તેવો આશાવાદ શહેર ઉપાધ્યક્ષ અને આઈ.ટી. સેલ કન્વીનર શ્રી પી.વી.એસ. શર્માએ વ્યક્ત કર્યો છે.

આદરણીય પ્રધાનમંત્રી શ્રી મોદીજીના આગમનને લઈને IT CELL દ્વારા Audio-Video Visual સાથે એક ગીત તૈયાર કરવામાં આવ્યું છે. જે આવનારા દિવસોમાં પ્રજા સમક્ષ મુકવામાં આવશે. રિંગટોન અને કોલરટયુન તરીકે પણ આ ગીતનો ઉપયોગ કરી શકાશે.